**તાત્કાલિક / અગત્યનું**

ક્રમાંક : પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૪/૨૦૨૦.

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય: નોવેલ કોરાના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

**વિભાગોમાં કર્મચારી / અધિકારીઓની હાજરી બાબત.**

**સંદર્ભ :** આ વિભાગનાતા.૧૬/૦૪/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.

માન. સાહેબશ્રી / મહોદયાશ્રી,

નોવેલ કોરાના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં તા.૨૦/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી સરકારી કચેરીઓ સીમિત સ્ટાફ સાથે ચાલુ રાખવા અપાયેલ સૂચનાના સંબંધમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને વહીવટી વિભાગના વડા નક્કી કરે તે મુજબની ઉપસ્થિતિ તેમજ વર્ગ-૩ના કર્મચારીઓ પૈકી ૩૩% મુજબની હાજરી પ્રમાણેનું રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાનું અને તે પ્રમાણેના હુકમો સત્વરે કરી હુકમની એક નકલ તા.૨૦/૦૪/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં ds-budget-gad@gujarat.gov.in પર મોકલી આપવા અત્રેના તા.૧૭/૦૪/૨૦૨૦ના સમાનાંકી પત્રથી જણાવવામાં આવેલ છે.

**આ અંગે જણાવવાનું કે નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotspots/ Containment zonesના વિસ્તારોમાં રહેતા કર્મચારી / અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે / બોલાવવાના રહેશે નહિ.**

આપનો વિશ્વાસુ,

(મનીષ શાહ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.